www.researchguru.net
Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-16, Issue-2, September-2022

# વર્તમાન સમયમાં ધર્મ

તબસ્સુમબાનું અલ્લારખા મલેક

(PH.D Student) - તત્વજ્ઞાન ચારૂતર વિદ્યામંડળ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર, આણંદ-૩૮૮૧૨૦, (મો) -૯૬૮૭૨૪૯૧૫૧

**સારાંશ:**

*ભારતમાં હિંદુઓ અને મુસ્લિમો બંને હજારો વર્ષોથી સાથે રહે છે. પરંતુ બંને સમુદાયના લોકો આજ સુધી એકબીજાને ન તો સમજી શક્યા છે કે ન તો સમજવા માંગે છે. ભારતમાં હિન્દુ મુસ્લિમ એકતાના ઘણા નારા પણ લગાવવામાં આવે છે અને ઘણા પ્રયત્નો પણ કરવામાં આવે છે.પરંતુ પરિણામ તો એનું એજ રહે છે. આજે તમે જે વાતાવરણ જોઈ રહ્યા છો.તે કોઈ નવું વાતાવરણ નથી , પરંતુ આ બંને સમાજ વચ્ચેની ખાઈ ઘણા સમયથી છે. મુન્શી પ્રેમચંદ્રજીએ કહ્યું હતું કે ભારતના બંને સમાજના લોકો એકબીજા માટે રહસ્ય છે. બીજાના ધર્મ વિશે કોઈ જાણતુ નથી કે જાણવા માંગતું નથી. ઉલ્ટાનું બંને એક બીજાના વિરુદ્ધ મનઘડત વાતો કરે છે અને એજ બાબતે લડવા પણ તૈયાર છે. કારણકે તે ધર્મ વિશે જાણવાનો પ્રયત્ન કરવા માટે કોઈની પાસે સમય નથી. માત્ર હવાજન્ય વસ્તુઓ માનવામાં આવે છે જે માત્ર નફરતને પ્રોત્સાહન આપે છે. જે લોકો એકબીજાના ધર્મ વિશે જાણે છે તેઓ એકબીજાના ધર્મનો આદર કરે છે. પરંતુ આજે બંને વચ્ચેની એકતાના બધા સ્ત્રોત ખોરવાઈ ગયા છે. આ ખુબજ ચિંતાજનક સ્થિતિ છે જે આવનારા દિવસોમાં વધુ ખતરનાક બનશે.*

## પ્રસ્તાવના:

કોઈપણ ધર્મ ખરાબ નથી હોતો, પરંતુ કેટલાક લોકો તે ધર્મનું આવરણ પહેરીને ધાર્મિક ભાગલા કરતા જોવા મળે છે. જેમ કે ધાર્મિક સ્થાનો, ધાર્મિક પહેરવેશ, ધાર્મિક ખોરાક, સંસ્કૃતિ વગેરે બંને ધર્મો વચ્ચે ઝઘડાના કારણ બની ગયા છે. ધર્મ લોકોને જોડવાનું કામ કરે છે તો પછી લોકોમાં ભાગલા પાડવાનું કારણ શું? બંને ધર્મના ધાર્મિક પુસ્તકો વાંચવામાં આવે, તેને સમજવામાં આવે તો પછી આપણે હિંસક કઈ રીતે બની શકીયે? હિન્દુ-મુસ્લિમ વચ્ચે વધતી જતી નફરતનું પ્રમાણ શું છે અને ક્યારે તેને કાબુમાં લેવાશે? તેનો દૂર દૂર સુધી અંદાજ લગાવી શકાય તેમ નથી. એકતાની વાતો કરનારાઓ પણ દૂર દૂર સુધી દેખાતા નથી. જયારે એક સમય એવો હતો કે હિન્દુ- મુસ્લિમ ભાઈ-ભાઈના નારા લગાવતા હતા. સવાલ એ નથી કે આ નફરતનો અંત શું હશે પરંતુ સવાલ એ છે કે આ નફરત કેમ વધી રહી છે.

## ધર્મ એટલે શું ? :

'ધર્મ' શબ્દ સંસ્કૃતમાં 'ધૃ'(धारयति) ક્રિયાપદ પરથી બન્યો છે. તેનો અર્થ ધારણ કરવું, ટકાવવું, પોષણ કરવું, અભિવૃદ્ધિ પમાડવું એવો થાય છે. વ્યક્તિ જીવનને અને સમાજજીવનને જે ધારણ કરે છે, ટકાવે છે, પોષે છે, ઉન્નત કરે છે, પ્રગતિના પંથે લઈ જાય છે અને કુમાર્ગમાથી નિયમન કરે છે તે પરિબળ અગર જીવનનો મહાનૈતિક નિયમ એટલે ધર્મ. ( ધ.ત.ચિ.૪ ) મહાભારતમાં કહેવામાં આવ્યું છે તેમ,

धारणाधर्म इत्याहु:। धर्मो धारयते प्रज्ञा:।

એટલે કે, સમગ્ર સમાજને નિયમમાં રાખનાર, ધારણ કરનાર કે ટકાવી રાખનાર તત્વ તે ધર્મ. પ્રત્યેક જીવને પોતાનો જીવન ટકાવી રાખવા તથા તેનો વિકાસ સાધવાનો કોઈ જીવનક્રમ અથવા નિયમ હોય છે. આવા નિયમો દ્વારા ઉત્તમ તત્વ તરફ લઈ જનાર પ્રવૃતિ એ ધર્મ. વિશ્વના વિભિન્ન ધર્મો

ઉતમ જીવન જીવવાના વિભિન્ન નિયમો કે માર્ગો જ છે. ( વિ.પ્ર.ધ.૮)

ખ્રિસ્તી ધર્મ અનુસાર ધર્મ માટે વપરાતો શબ્દ 'Religion' બે લેટિન શબ્દો 'Re' અને 'Legere' કે 'ligare' માથી ઉતરી આવ્યો છે. આ બે શબ્દોનો અર્થ "ફરી પાછા સાંકળવા" એમ થાય છે. તેમના અનુસાર માનવ એ ઈશ્વરનું સર્જન છે અને એથી માનવ માનવને સાંકળવાનું તેમ જ બધાય માનવોને પિતા ઈશ્વર સાથે સાંકળવાનું ધર્મનું કાર્ય છે.

ધર્મની વ્યાખ્યા આપતા જૈન સાધુ કહે છે કે, જગતના દુ:ખોમાંથી જે માણસોને બહાર કાઢે અને તેમણે હંમેશને માટે પરમ આનંદની અવસ્થા અર્પે તે ધર્મ.

મુસ્લિમ ધર્મ માટે વપરાતો શબ્દ "ઇસ્લામ" ખુબજ સૂચક છે. આ શબ્દ 'સલામ' માથી પ્રાપ્ત થાય છે, અને એનો અર્થ 'શાંતિ' થાય છે. આમ ઇસ્લામ એટલે ઈશ્વરનો શાંતિમય સ્વીકાર.

કેટલાક તો ધર્મ માટે 'મજહબ' શબ્દ પણ વાપરે છે. મજહબ એટલે 'માર્ગ', ચરિત્રમય જીવનનો માર્ગ, આનંદની પ્રાપ્તિનો માર્ગ અને પ્રભુ પ્રાપ્તિનો માર્ગ. ( ધ.તુ.અ. ૭)

ધર્મ જીવન એટલો વ્યાપક અને ગહન છે. જીવનને કોઈ એક વ્યાખ્યામાં બાંધવું શક્ય નથી, તેમ ધર્મના સમગ્ર સ્વરૂપને પણ કોઈ એક વ્યાખ્યા દ્વારા સમજાવી શકાય નહીં. માનવજીવનને સમજવા માટે મનુષ્યને સમજવો આવશ્યક છે. પરંતુ ધર્મના અધ્યયન વિના માનવ અંગેની સમજૂતી અધૂરી રહે છે. આજ સુધી કોઈ વ્યક્તિ ધાર્મિક ચેતનાને કોઈ એક વ્યાખ્યા દ્વારા સંપૂર્ણ રીતે સમજાવી શકી નથી. ( વિ.પ્ર.ધ.૧)

## વર્તમાન સમયમાં માનવજીવન અને ધર્મ:

આજે બંને કોમના લોકો એકબીજાની સામે હોય છે ત્યારે તેઓ હાથમાં હથિયાર લઈને ફરે છે અને જ્યારે તેઓ અલગ થાય છે ત્યારે તેઓ એકબીજાની ધાર્મિક બાબતો પર નિશાન બનાવે છે. આ બહુ મોટો મુદ્દો છે. તમે બંને સમુદાયો વચ્ચે રમખાણો પણ જોયા હશે. આ રમખાણો દરમિયાન કોઈ બહારની વ્યક્તિ તમારા ઘરને આગ નથી લગાડતું પરંતુ તમારા વિસ્તારના જ લોકો તે રમખાણોમાં ભાગ ભજવતા હોય છે.

તાજેતરમાં દિલ્હીના રમખાણો, કર્ણાટકમાં હિજાબ પહેરવેશ મુદ્દો, જ્ઞાનવ્યાપી મસ્જિદ, અયોધ્યા, ગોધરાકાંડ, કોમી હુલ્લડ વગેરે જોઈને લાગે છે કે માણસો કેટલા ક્રૂર અને નિર્દયી બની ગયા છે અને તેમને એકબીજા માટે કેટલી નફરત છે. આ દરમિયાન જે મૃત્યુ પામે છે એ બધા ભારતીયો જ છે પરંતુ આ ધાર્મિક ધ્વેષ આપણને એટલો ક્રૂર બનાવી દે છે કે આપણે કોઈનું ઘર તોડી નખાઈએ છે પણ આપણા ચેહરા પર કોઈ પસ્તાવો નથી. શું આ પરસ્પર દ્વેષ, યુદ્ધો ખતમ ન થઈ શકે? શુ તમામ ધર્મના લોકો માત્ર ભારતીય તરીકે સાથે ન રહી શકે? જરા કલ્પના કરો જો દરેક વચે પ્રેમ હોત ભારત કેટલુ સુંદર હોત. આપણા કેટલા વિવાદો આપો આપ ખતમ થઈ જશે.તે જાણીને આપણે પ્રગતિની સીડી ચડવાની શરૂઆત કરીશુ. દરેક જણ એક્તા ઈચ્છે છે. પરંતુ પ્રયત્ન બહુ ઓછા કરે છે. નફરતથી ભારેક આ તોફાની વાતાવરણમાં પ્રેમનો દીવો પ્રગટાવનાર રાહ જોઈ રહ્યા છે.

વિશ્વ આજે અશાંતિ, આંતરવિગ્રહો તથા કુદરતી અને કુત્રિમ એવી અનેક આપત્તિઓ સામે ઝઝૂમી રહ્યો છે. આ અશાંતિના મૂડમાં સાચી ધાર્મિક્તાનો અભાવ છે. જેના પરિણામે મનુષ્ય વેર-ઝેર, રાગ-દ્વેષ, લૂંટ-ફાટ આદિનો ભોગ બની રહ્યો છે. આવી પરિસ્થિતિમાં માનવજાત સમક્ષ બે જ માર્ગ છે એક યુદ્ધનો અને બીજો ધર્મનો. યુદ્ધના માર્ગથી

થાકેલો માનવી આખરે ધર્મના માર્ગને અનુસરે છે. ગીતામાં શ્રી કૃષ્ણે કહ્યું છે,

"यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत |

अभ्युत्थानमधर्मश्य तदात्मानं सृजाम्यहम् ||"
(વિ.પ્ર.ધ.૧૩)

આજે ફરીથી એવો સમય આવી છે કે, ભગવાને ફરીથી ધરતી પર જન્મ લેવાની આવશ્યકતા પડી છે. આ રીતે સર્વનાશને માર્ગે વડેલા વિશ્વને બચાવવા ધર્મ આવશ્યક બની જાય છે.

## ધર્મ અને વિજ્ઞાન:

આજના વૈજ્ઞાનિક યુગમાં જેમ જેમ વિજ્ઞાનની પ્રગતિ વધી રહી છે તેમ તેમ ધર્મનો પ્રભાવ ઓછો થઇ રહ્યો છે. નાસ્તિકતા વધી રહી છે. ધર્મ અંગે ગેરસમજ ફેલાય રહી છે. જો ધર્મએ મનુષ્યને શુદ્ધ કર્યો છે તો વિજ્ઞાનથી બુદ્ધિ બદલાય ગઈ છે. વર્તમાન સમયમાં ધર્મ અને વિજ્ઞાન બંનેનું સમાન મહત્વ રહેલું છે. માનવીના જીવન ઘળતર માટે બંનેની આવશ્યકતા રહેલી છે.

ધર્મ મનુષ્યના પરોપકાર, સમાજ સેવ, સહકાર અને સહાનાભૂતિની લાગણીઓને જાગૃત કરે છે. માનસિક અને આધ્યાત્મિક પ્રગતિમાં ફાડો આપ્યો છે. વિજ્ઞાને તેની શારીરિક ઉન્નતિમ મદદ કરી છે. આ રીતે વિશ્વમાં સુખ, સમૃદ્ધિ અને શાંતિની સ્થાપના માટે ધર્મ અને વિજ્ઞાન બંનેનો એક સાથે વિકાસ કરવો ખુબજ મહત્વ પૂર્ણ છે. જો આપડે વિજ્ઞાન છોડીએ તો પ્રાચીન સંસ્કૃતિમાં પહોચીશું જ્યાં એક-બીજા વચ્ચે શક્તિની કસોટી કરીને વિનાશની આરે પહોચીશું. તેથી આ વિશ્વમાં ધર્મ અને વિજ્ઞાન બંનેને મહત્વ આપવું જોઈએ તે વિશ્વ અને માનવજાત માટે આવશ્યક છે.

ધર્મ મનુષ્યને સાચા અને શ્રેઠ મનુષ્ય બનાવે છે. આ દ્રષ્ટિએ આપણને શ્રેષ્ઠતા અને પ્રેમથી માનવતામાં પ્રવેશ કરાવે છે અને માનવતાથી આગડ વધે છે અને દિવ્યતા તરફ દોરી જાય છે. આ બાબતને ધ્યાનમાં લેતા એ બાબત સ્પષ્ટ છે કે, "ધર્મ" શબ્દ સમગ્ર જીવન કરતાં ઊંડો છે. ધર્મના નામ પર હાલમાં ઘણી ગુનાહિત પ્રવૃતિઓ ચાલી રહી છે. લોહીની નદીઓ વહી રહી છે. હિંસા, સાંપ્રદાયિક નફરત, પ્રગતિમાં અવરોધ, અંધકાર, અંધવિશ્વાસ, મનુષ્ય અને તેમના કહેવાતા સ્વાર્થી નેતાઓ સાચ્ચા ધર્મને જાણતા નથી અથવા જાણવા ઇચ્છતા નથી. પરંતુ એમને માત્ર ધર્મની આડમાં નાસ્તિકતાને પ્રોત્સાહન આપ્યું છે. પોતાનો લાભ શોધ્યો છે. તેથી જ ઉપરોક્ત દૂષણો વિશ્વમાં વ્યાપક બન્યા છે. અજ્ઞાનતાને નાબૂદ કરીને સાચા ધર્મની જરૂરિયાત અને હિન્દુ-મુસ્લિમ ધર્મની તુલનાત્મક અધ્યયન કરી દરેક ક્ષેત્રમાં દુષ્ટતાઓને નાબૂદ કરીને આ તમામ દૂષણોને નાબૂદ કરવા માટે માનવ જીવન શાંતિ અને પ્રગતિના માર્ગ પર કાર્ય કરી શકશે. માટે હિન્દુ અને મુસ્લિમ ધર્મને નામે જે લડાઇઓ થઈ રહી છે. તેમાં વિરામ લાવી શકાય છે.

## ઉપસંહાર:

આમ, ધર્મ અને માનવજીવન વચ્ચે અતિ ગાઢ સંબંધ છે. મનુષ્યને સમજતા પેહલા ધર્મને સમજવું અતિ આવશ્યક છે. કારણ કે, ધર્મને ન સમજવાને કારણે આગડ જોયું તેમ વધુને વધુ વિખવાદ ઉત્પન્ન થાય છે. ધર્મ, મનુષ્ય, મનુષ્યજીવન, વિજ્ઞાન આ બધા એક બીજા સાથે એટલા ગાઢ રીતે સંકડાયેલા છે. જેમાં અમુક લોકો આ બધાની આડમાં પોતાના લાભ માટે બીજા બધાને અવડા માર્ગ પર દોરી જાય છે. વિશ્વમાં તમે વર્તમાનમાં જે પરિસ્થિતી જોઈ રહ્યા છો તેનું કારણ આ બધા દૂષણો છે.

**<u>સંદર્ભગ્રંથ:</u>**

૧. વિશ્વના પ્રમુખ ધર્મો. પ્રો. ગોવર્ધન દવે સાહેબને સાદર સમર્પિત.

૨. ધર્મોનું તુલનાત્મક અધ્યયન. ડૉ. ભાસ્કર ગોપાળજી દેસાઇ. યુનિવર્સિટી ગ્રંથનીરમાં બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ. ૧૯૭૩.

૩. ધર્મતત્વચિંતક. પ્રો.એચ.આર.ઠકકર, જુનાગઢ. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ. ૧૯૭૨.